Extra No. 283

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 7, 2025 / SRAVANA 16, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૯/૨૫.-આણંદ જીલ્લાના બોરસદ તાલુકાના ઉનેલી ગામથી ઉનેલી ગામના સ્મશાન વચ્ચે આણંદ સિંચાઈ વિભાગ, આણંદ હસ્તકના કાંસ પેટા વિભાગ, આણંદ હસ્તકની આણંદ મોગરી કાંસની સાં.૯૦૬૦૦ ફુટ પર આવેલ સ્લેબ ટાઈપ જર્જરીત બ્રીજ આવેલ છે. હાલમાં સદર બ્રીજ જર્જરીત/જોખમી હાલતમાં હોઈ સલામતીનાં હેતુથી સદર બ્રીજ પર જતા તમામ વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદનાઓએ તેમના પત્ર નં.આસિવિ/પીબી-૨/જાહેરનામું/૧૬૧૨, તા.૨૪/૦૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા. ૩૦/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૬/૨૦૨૬ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

પ્રતિબંધીત રૂટઃ-

૧. ઉનેલી ગામથી કાંસ ઉપર આવેલ ઉનેલી સ્મશાન તરફ આવતો-જતા તમામ વાહનો માટે.

ડાયવર્ટેડ રૂટઃ-

૧. ઉનેલી ગામ કાંસ ઉપર આવેલ ઉનેલી સ્મશાન તરફ આવતો-જતો તમામ વાહન વ્યવહાર ઉનેલી ગામથી મુખ્ય પ્રવેશ દ્વાર થઈ ચુવા ખાનપુર રોડ ઉપર આવેલ આણંદ-મોગરી કાંસનાં સાં.૯૦૦૦૦ ફુટ સ્લેબ વી.આર.બી. થી કાંસના જમણાં પાળા ઉપર થઈ પસાર થઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદ ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજે તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૦/૨૫.-આણંદ જીલ્લાના બોરસદ તાલુકાના કંસારી સીમ વિસ્તાર થી બોરસદ સીમ વિસ્તાર વચ્ચે આણંદ સિંચાઈ વિભાગ, આણંદ હસ્તકના ભાદરણ સિંચાઈ પેટા વિભાગ, બોરસદ હસ્તકની બોરસદ શાખા નહેરની સાંકળ ૧૮૪૩૦ મી. પર સ્લેબ જર્જરીત બ્રીજ આવેલ છે. હાલમાં સદર બ્રીજ જર્જરીત/જોખમી હાલતમાં હોઈ સલામતીના હેતુથી સદર બ્રીજ પર જતા તમામ વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદનાઓએ તેમના પત્ર નં.આર્સિવિ/પીબી-૨/જાહેરનામું/૧૬૧૩, તા.૨૪/૦૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૩૦/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૬/૨૦૨૬ સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરું છું.

પ્રતિબંધીત રૂટઃ-

૧. બોરસદ સીમ વિસ્તારથી કંસારી સીમ વિસ્તાર તેમજ કંસારી સીમ વિસ્તારથી બોરસદ સીમ વિસ્તાર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

ડાયવર્ટેડ રૂટઃ-

૧. બોરસદ સીમ વિસ્તારથી કંસારી સીમ વિસ્તાર તેમજ કંસારી સીમ વિસ્તારથી બોરસદ સીમ વિસ્તાર તરફ જતો તમામ વાહન વ્યવહાર બોરસદ શાખા નહેરની સાંકળ ૧૯૦૭૦ મી. પર આવેલ કેનાલ બ્રીન તેમજ બોરસદ શાખા નહેરની સાંકળ ૧૭૭૯૦ પરથી પસાર થઇ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.09.22 15:49:42 IST